## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*ભર્યાં ખેતર ચણે ચકલાં ચાડિયો હોય તો શું ?*
*ચૂંથે ચકલાં, માથે ચઢી, ચાડિયો વ્હોય તોય શું ?*
*ચાડિયો હોયન્હોય તો ય શું ? છે શોભા-અભિવૃદ્ધિ*
*મૂકાય છે ફોટો પૂજામાં ચાડિયો વ્હોય તો ય શું ?*

હાઈકુ

*શોભે સુરક્ષા,*
*ન્યાય - કાયદા - ક્ષેત્રે*
*ચાડિયા જેમ...*

*લોકશાહીમાં*
*બંધારણ ભૂમિકા*
*ચાડિયો જેવી*

### ચિંતન

**મન્ત્રસમ્પદા રાજ્યં વર્ધતે ।**

**ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**મંત્રણાની સંપૂર્ણ સુરક્ષા તથા એની સર્વાંગિતા જ રાજ્યશ્રીની વૃદ્ધિ કરે છે.**

**રાજકાજ સંબંધિત આવશ્યક મંત્રણાઓ (યોજનાઓ) સંપૂર્ણપણે સુરક્ષિત હોય જ રાષ્ટ્ર સમૃદ્ધ અને સુદંઢ બને છે. આથી તેની સુરક્ષા પ્રત્યે સંપૂર્ણ તકેદારી રાખવી ઘટે.**

**આજકાલ, દારૂ હોય કે ભેળસેળ, કૌભાંડ ચાલતાં હોય તેના પર સરકાર પગલાં લેવાની વિચારણા કરે તેના પહેલાં જ સરકારના ફૂટેલા અધિકારી 'ગુપ્ત મંત્રણા' ગુન્હેગારને પહોંચાડી દે છે - દરોડામાં કઈ જ મળતું નથી. સરકારી ફૂટેલા માણસો રાજ્યની સુરક્ષાને સલામત રાખતા નથી.**

### સુવિચાર

- દુઃખ એ દરિયા જેવું છે, તે પહેલાં અંદર ડૂબાડીને પછી મોતી આપે છે - **ખલિલ જિબ્રાન**
- સત્ય ક્રૂર હોય છે છતાં પણ તેને પ્રેમ કરી શકાય છે અને જેણે પણ તેને પ્રેમ કર્યો હોય તેને મુક્તિ મળે છે - **સંત જ્યોર્જ**
- યુવાન, તું નાચે છે એવી મારી ફરિયાદ નથી, પણ તને તારો તાલ નથી, તું અન્યના તાલે નાચે છે એનું મને દુઃખ છે - **પાંડુરંગ શાસ્ત્રી**
- સફળ થયેલ વ્યક્તિઓનું રહસ્ય એ એમણે નક્કી કરેલ લક્ષ્ય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જેને મૌન રહેતાં આવડતું નથી એની વાણી કેવળ બકવાસ બની જાય છે અને જેને બોલતાં નથી આવડતું એનું મૌન જડતા બની જાય છે - **અખંડ આનંદ**
- મૂર્ખતા તો તે જ છે કે જે પોતાના આત્માને છેતરતી વખતે એમ માને છે કે 'હું જગતને છેતરું છું' - **ફાધર વાલેસ**
- આજનું ઔષધ : તાંદળજાનો રસ એક ચમચી ગાયના દૂધ સાથે બાળકને પાવાથી કબજિયાત મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજાને ઉંમર થતાં વૈરાગ્ય જાગ્યો. સઘળું રાજપાટ ત્યજી દઈને ગુરુ સાથે પગપાળા નીકળી ગયા. ચાલતા ચાલતા નદી કિનારે આવ્યા. રાજા ને ચાલવાની આદત ન હોવાથી થાકી ગયા. ગુરુ એમને થાક વરતી ગયા. ગુરુએ કહ્યું, 'જરા આરામ કરી લો પછી આગળ વધીએ.' રાજાએ નદીમાં હાથ પગ ધોળી પાણી પીને ઝાડ નીચે લંબાવ્યું, બાજુમાં એક ઈંટ પડી હતી. તે માથા નીચે મૂકી.

નદી કિનારે બે પનિહારી આવી હતી. તેમને આ દશ્ય જોયું એટલે એક સ્ત્રી બોલી, જોયું, આ ભગત જ્ઞાન મેળવવા નીકળ્યા છે પણ શોખ મટતો નથી. માથા નીચે ઈંટ રાખવા જોઈએ છે આ તે કંઈ સાધુનાં લક્ષણ છે?' રાજાએ પનિહારીની વાત કાને ધરી. એટલે એણે તરત જ ઈંટનો ત્યાગ કર્યો. તે જોઈને બીજા પનિહારી બોલી, 'જુઓ, આ ભગતની આટલું અમથું વેણ પણ ખમાતું નથી અને સંસાર છોડીને જોગી થવા નીકળ્યા છે. તેમની રીસ તો જુઓ, સાચી વાત કરી તો રુઆબમાં ઈંટ ફેંકી દીધી.'

ગુરુ આ બધું જોઈ સાંભળી રહ્યા હતા તેમણે કહ્યું, રાજન, આ દુનિયા છે, એને કોઈ વાતે પહોંચાય નહીં, એના મોઢા ગળણું બાંધી ન શકાય, તું તારે દુનિયાના મોઢા સામે જોવાનું તેમની વાત સાંભળવાનું છોડીને તમારો માંહ્યલો કહે તેમ કરવાનું' લોકો વખાણ પણ કરે નિંદા પણ કરે. પણ સૌએ સૌનાં અંતરના અવાજને જ અનુસરવાનું છે.

# કોમી એખલાસ અનિવાર્ય છે

**તંત્રીસ્થાનેથી...**

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી એ બનારસ હિંદુ યુનિવર્સિટી જેવી જ રાષ્ટ્રીય યુનિવર્સિટી છે. કહેવું હોય તો કહી શકાય કે એ હિંદુસ્તાનની 'હેરિટેજ' વિદ્યાસંસ્થા છે. આઝાદીની ચળવળની સમાંતર દિશાએ દેશમાં કેળવણી સંસ્થાઓ પણ શરૂ થઈ હતી. રાષ્ટ્રીય કક્ષાના દેશ નેતાઓ આ સંસ્થાઓની સ્થાપના સાથે સંકળાયેલા હતા. કોંગ્રેસના પ્રખર અગ્રણી છતાં હાડોહાડ હિંદુત્વ - સનાતન ધર્મના પ્રવક્તા સમા મદનમોહન માલવીય દ્વારા કાશી વિદ્યાપીઠ ઉર્ફે બનારસ હિંદુ યુનિવર્સિટીની સ્થાપનાના પગલે ઉત્તર પ્રદેશ (તે સમયના 'યુનાઈટેડ પ્રોવિન્સીઝ' - સંયુક્ત પ્રાંતમાં મુસ્લિમ યુનિવર્સિટી અસ્તિત્વમાં આવી. પ્રકાંડ મુસ્લિમ નેતા અને કેળવણીકાર સર સૈયદ અહમદખાં દ્વારા સ્થાપિત આ યુનિવર્સિટી કાળક્રમે દેશની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓમાં પહેલી હરોળની વિદ્યાસંસ્થા બની ગઈ. જરા જુદા પરિપ્રેક્ષ્યમાં મહાત્મા ગાંધીએ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠ શરુ કરી અને રવીન્દ્રનાથ ટાગોરે બોલેપુર ખાતે વિશ્વભારતી - શાંતિનિકેતનનો સૂત્રપાત કર્યો. ડૉ. ઝાકીર હુસૈને દિલ્હી પાસે ઓખલામાં જામિયા મિલિયા ઈસ્લામિયા જેવી રાષ્ટ્રીય કેળવણીની સંસ્થા શરુ કરી તો વળી કાંગડીમાં ગુરુકુળ જેવી સંસ્થા આર્યસમાજના નેજા હેઠળ શરુ કરાઈ. આ તમામ શિક્ષણ સંસ્થાઓના સંસ્થાપકો કોઈ ને કોઈ ધર્મ - સંપ્રદાય કે વિચારધારાને વરેલા હતા. આઝાદી પછી આટલાં વર્ષે પણ જેમ હિંદુ લોજ અને મુગલાઈ વ્યંજનો પીરસતાં ખાણીપીણીનાં સ્થાનકો પોતીકી સાંપ્રદાયિક ઓળખ પ્રગટ કરવામાં હીણપત નથી અનુભવતા તેમ આજે પણ દેશમાં હિંદુ અને મુસ્લિમ ઓળખ ધરાવતી વિદ્યાસંસ્થાઓ અસ્તિત્વ ધરાવે છે. ખ્રિસ્તી મિશનરીઓની સંસ્થાઓ તો કેળવણી ક્ષેત્રે નામાંકીત બની ચૂકી છે. સ્વાભાવિક રીતે જ આવી સંસ્થાઓ પોતાના આદરણીય નેતાઓની પ્રતિમાઓ અને તસવીરો પણ રાખે જ. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી ખાતે સ્થાપનાકાળથી જ મોહંમદ અલી ઝીણાની તસવીર મુકાયેલી હશે, કારણ કે તેઓ એ સમયે દેશના મુસ્લિમોના નંબર - વન લીડર ગણાતા હતા. પાછળથી એમણે પાકિસ્તાનની માગણી સાથે હિંદુસ્તાનથી જુદો ચોકો માંડ્યો એ જુદી વાત છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીનો છાત્રસંઘ નિવૃત્ત ઉપરાષ્ટ્રપતિ ડૉ. હામિન અંસારીને ફેલોશિપ અર્પણ કરવા માગતો હોય ત્યારે ભાજપ અને સંઘ સાથે સંકળાયેલી હિંદુત્વવાદી સંસ્થાઓ દ્વારા ઝીણાની તસ્વીર હટાવવાનો મુદ્દો ઉપસ્થિત કરી તોફાન મચાવાય તે આપણા વણસી ચૂકેલા સાંપ્રદાયિક રાજકારણની વરવી છબી રજૂ કરે છે. આ પ્રકારની માનસિકતાથી રાષ્ટ્રીય અને કોમી એકતાને જ હાનિ પહોંચે છે. ઝીણાએ ભારતના ભાગલા પડાવ્યા તે સાચું પરંતુ એથી તેઓ મુસ્લિમોના નેતા મટી જતા નથી. વળી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના સત્તામંડળ ઉપર યુપીના મહંત મુખ્યમંત્રીના આશીર્વાદ સાથે હિંદુત્વવાદીઓ આ પ્રકારના જોરજુલમ કરે તે શરમજનક અને નિંદનીય જ ગણાવું જોઈએ. ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી પાકિસ્તાનમાં જઈ ઝીણાની મજાર પર ચાદર ઓઢાડે તો તેનો ઉદાર અર્થ લેવા જોઈએ. પરંતુ એટલા ગુનાસર હિંદુત્વવાદી સંઘ અને ભાજપમાં તેઓ અળખામણા બની ગયા હતા તે સર્વિદિત છે. દેશની એકતા અને અખંડિતતાનો ઈજારો એકલી હિંદુત્વવાદી સંસ્થાઓનો નથી.

# કેરીમાંથી નીકળતી ગોટલી ડાયાબિટીસ માટે વરદાન સ્વરુપ છે !

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ



ગયા અંકમાં કેરી એ અમૃત ફળ કહેવાય કે નહીં તે વિષે લાંબી ચર્ચા કરી. મને ખબર નથી કે તમને ગમ્યું કે નહીં છતાં પણ એમ માની લઉં છું કે બધાને ગમ્યું હશે. ખાસ કરીને જે લોકોને ડાયાબિટીસ છે તે લોકોના ફોન આવ્યા કે ભઈ વાહ! મજા આવી ગઈ. કોક તો અમને સમજી શકે એવું છે ? બાકી તો ડૉકટરો અને ઘરવાળા બધા જ કેરી ન જ ખવાય, ડાયાબિટીસ માટે ઝેર સમાન છે... તેવું કહી કહીને ઘણી વખત આત્મહત્યા કરવાનું મન થઈ જતું... પરંતુ તમારા લેખ પછી કેરી ખાવાની અને જોવાનું તેની અમારા શરીર પર શું અસર થાય છે. જેને ડાયાબિટીસ નથી તેના માટે તો જલસા છે જ ભાઈ... રોજ બંને ટાઈમ ફાવે એટલી કેરી ખાઓ... અને ઉનાળો, ગરમાળો માણો. પણ હવે હું જે વાત કરવા જઈ રહ્યો છું તે બહુ સમજવા લાયક છે. કાચી કેરી પાકી કેરી બંને ખૂબ જ શરીર માટે અનુકૂળ છે. અને ખાવી જોઈ એવું નિદાન થાય છે.



પણ હવે બાકી શું રહ્યું... અરે ભાઈ ! કેમ ભૂલી જાઓ છો કેરીમાં ગોટલો મોટો રહ્યો. અને ગોટલામાં રહેલી ગોટલી સાહેબ, એ કેરી કરતા પણ વધારે ઉપયોગી અને શરીર માટે અનુકૂળ છે. એવું હું નથી કહેતો એવી ગુજરાતની ચાર કૃષિ યુનિવર્સિટીના સંશોધનોએ કહ્યું છે.

કેરી ખાધા પછી કચરા તરેકી ફેંકી દેવામાં આવતા ગોટલામાંથી ગોટલીનો ખાવાનો ઉપયોગ કરવામાં આવે તો માનવ શરીરમાંથી વિટામીન બી-૧૨ની કમી દૂર કરી શકાય. તેવી જ રીતે આ ગોટલામાંથી મળતું મેન્ગીફેરીન નામનું માનવ બ્લડમાના સુગરના લેવલને પણ નિયંત્રણમાં રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવતું હોવાનું તારણ સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી ગોરધનભાઈ પટેલનું કહેવું છે. ગુજરાતના ચાર કૃષિ યુનિવર્સિટીના સહયોગમાં તેઓ આ અંગેના સંશોધનોને વધુ વ્યાપક ફલક પર જઈ જવાનું આયોજન કરી રહ્યા છે.

તેમનું કહેવું છે કે ૧૦૦ ગ્રામ ગોટલીમાંથી ૨ કિલો કેરીના રસ કરતાં પણ વધુ પોષક તત્ત્વો મળી રહે છે. કેરી કરતાં ૫૦ ગણો વધુ પોષક તત્ત્વો ધરાવતી ગોટલીને કચરા તરીકે ફેંકી દેવામાં આવી રહી છે. કેરીની ગોટલીમાં સંતુલિત પ્રમાણમાં પ્રોટીન, કાર્બોહાઈડ્રાઈટસ્, ઓઈલ અને ફોઈટોકેમિકલ્સ છે. આ બધાં ઘટકો વિટામીન બી-૧ની ઉણપથી પીડાતા ૮૦ ટકા શાહાકાહીઓના શરીરમાંથી બી-૧નું લેવન નોર્મલ કરવામાં મદદરુપ થાય છે ગોરધનભાઈ પટેલે જણાવ્યું હતું કે, માનવ શરરી માટે જરૂરી ૨૦ એમિનો એસિડમાંથી ૯ એમિનો એસિડ શરીરમાં બનતા જ નથી.

આ નવમાંથી આઠ એમિનો એસિડમાં ફિનાઈલ એલેવિન, વેલિન, થ્રિઓનિન, ટ્રીપ્ટોફન, મેથેઓલિન, લ્યૂસિન, આયસોલ્યુસિન, વાયસિન અન હિસ્ટિડિન ગોટલીમાં બહુ જ મોટી માત્રામાં હોવાનું જોવા મળે છે. એમિનો એસિડમાંથી તૈયાર થતાં પ્રોટીન જ શસીરમાં પાચન સહિતની દરેક ક્રિયામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. બીજા શબ્દોમાં કહીએ તો જુદા જુદા એમિનો એસિડની ચેઈન જ પ્રોટીન છે. શરીરના સ્નાયુઓ પણ પ્રોટીનના જ બનેલા હોય છે.

તદુપરાંત માનવ શરીરમાં વિટામીન ડી સિવાયના વિટામીન બનતા નથી. આ વિટામીન મેળવવા માટે આહાર પર જ મદાર બાંધવો પડી રહ્યો છે. ગોટલીમાંથી વિટામીન સી, કે ઈ મળે છે. તે શરીરમાંથી કચરો દૂર કરનારા એન્ટિ ઓક્સિડન્ટ તરીકેની ભૂમિકા પણ ભજવે છે. તેમ જ ગોટલીમાંથી સોડિયમ, પોટેશિયમ, કેલ્શિયમ, મેગ્નેશિયમ, આયર્ન (લોહતત્વ) જસત, મેંગેનીઝ જેવા ખનીજ તત્ત્વો પણ મળી રહે છે. કાજુ બદામ કરતાં પણ વધુ પોષક ઘટકો ગોટલીમાં છે.

શરીરમાં તેનાથી ચરબી પણ વધતી નથી. ભારતમાં ૧.૮૮ કરોડ ટન કેરીનું ઉત્પાદન થાય છે. તેમાંથી છ ટકા કેરીનું ગુજરાતમાં ઉત્પાદન થા છે. આમાંથી નીકળી ગોટલીમાં કાર્બોહાઈડ્રેટ, ચરબી અને પ્રોટીન ઉપરાંત ૪૪ થી ૪૮ ટકા સંતૃપ્ત ફેટી એસિડ, એમિનો એસિડ ઉપરાંત જુદા જુદા મિનરલ્સ પણ મળે છે. ગોટલીમાં સ્ટાર્ચના સ્વરુપ કાર્બોહાઈડ્રેટ્સ હોવાથી

**અનુસંધાન પાના નં ૭ પર**

# શું આપણું ગાંધીનગર શહેર ગંદુ બની રહ્યું છે?

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ



ગાંધીનગર આજે ગુજરાતનું એકમાત્ર યુવાન, મસ્ત, લીલુછમ, સ્વચ્છ અને રળિયામણું શહેર છે. અહીંના વિશાળ રસ્તાઓ, વૃક્ષો, પંખીઓ, ખુલ્લું આકાશ અને રસ્તા, લાઈટ – પાણીની વ્યવસ્થા, અહીંનું શિક્ષણ અને રાજનીતિનું કેન્દ્રબિંદુ આ શહેરનું ગૌરવ છે. ભલે અહીંની પોતિકી કોઈ સંસ્કૃતિ ના હોય પરંતુ હવે અહીં જન્મેલી એક આખી પેઢી તૈયાર થઈ ગઈ છે. તેથી રાજનીતિના અખાડાની છાપમાંથી આ શહેર હવે સાંસ્કૃતિક અને સાહિત્યિક શહેર તરીકે પણ ખ્યાત થઈ રહ્યું છે. પરંતુ આ શહેરની એક બહુ જ ચિંતાજનક બાબત છે જેના પ્રત્યે કદાચ કોઈનું ધ્યાન નથી ગયું અથવા ગયું છે સૌ કોઈએ આંખ આડા કાન કર્યા છે, સત્તાધીશોએ ખાસ આ બાબતે વિચારવા જેવું છે. આ શહેરમાં વિસ્થાપિતોની સંખ્યા ખુબ જ વધતી જાય છે. આ શહેરમાં એવી પ્રજા પણ માઈગ્રેન થઈને આવી રહી છે જેની પાસે રહેવા માટે કોઈ ઘર નથી કે નથી કોઈ કામધંધો, અને ગાંધીનગરમાં સ્થાયી થઈ રહ્યા છે, આવા લોકો ગાંધીનગરના દરેક સર્કલની આજુબાજુના ચાર રસ્તા પડે છે તેની બન્ને કિનાર પર ઝૂંપડા બાંધીને રહે છે, ક્યાંક ક્યાંક તો એક રોડથી બીજા રોડ સુધી આખી લાઈન છેક સુધી આ વસાહતો સ્થાપિત થઈ ગઈ છે. આજે શરુંમાં તેઓ પ્લાસ્ટીક કે છણિયાના ઝૂંપડા બાંધીને રહે છે. થોડા સમય પછી શક્ય છે કે ઈંટોની દિવાલ બનાવશે અને આ સંખ્યા વધતી જશે પછી તેમને રોકવા કઠિન બનશે. આજે આવા વિસ્થાપિતોની સંખ્યા દરેક સેકટરોના રસ્તાઓ ઉપર હજારોની થઈ રહી છે. આ લોકો પાસે કોઈ બાથરૂમ કે શૌચાલય નથી તેથી જ્યા રહે છે ત્યાં જ બાજુની જગ્યા પર કપડા બાંધીને આડશ ઊભી કરીને બાથરૂમ બનાવી દેવામાં આવ્યા છે અને ત્યા જ શૌચ કરે છે. અથવા રાત્રે ખુલ્લામાં કરે છે. જે ગંદકી આજુબાજુના ઘરોમાં ને સેકટરોમાં ફેલાય છે. રોજ સવારે ને સાંજે રસ્તાઓની બાજુમાં બનાવેલા ચાલવા માટેના રસ્તાઓ પર ચાલતા નાગરિકોને દરરોજ આ ગંદકીનો અનુભવ થાય છે. પરંતુ કોઈ બોલવાની હિંમત કરતું નથી. વળી અહીં ખુલ્લામાં કરેલા શૌચને કારણે આજુબાજુના વિસ્તારોમાં મચ્છરો પણ ફેલાય છે. વાતાવરણ બગાડે છે. જેને કારણે આજે નહીં તો આવનારા સમયમાં ગાંધીનગરમાં રોગચાળો પણ ફેલાઈ શકે છે. બીજી વિચારવા જેવી વાત એ છે કે આ વિસ્થાપિતો – માઈગ્રેન થઈને અહીં આવેલા છે અને મજુરી કામ કરીને પોતાનું પેટિયું રળતા લોકો કે અન્ય આમની સાથે રહેતા અસહાય લોકો બધા સારા છે એવું માની લઈએ, પણ બધાય સારા નથી હોતા. પરિણામે આજે ગાંધીનગરમાં ધોડેદહાડે ચોરીઓના કિસ્સા બની રહ્યા છે. ચેન સ્કેચિંગ થાય છે, એકલવાયા પેસેન્જરને રિક્ષામાં બેસાડી લૂંટી લેવામાં આવે છે. આ બધુ કાંઈ ગાંધીનગરમાં વસતા કર્મચારીઓ કે અધિકારીઓ કે નેતાઓ કે એમના છોકરાઓ તો કરવાના નથી. તો પછી આવી બધી ઘટનાના જવાબદાર કોણ ? એ પ્રશ્ન વિચારણીય છે. આ વિસ્થાપિતોની વસ્તીમાંની સ્ત્રીઓ મોટેભાગે આજુબાજુના ઘરોમાં ઘરકામ કરીને પણ પોતાનું ગુજરાન ચલાવે છે. પરંતુ આ બધા પુરુષો, યુવાનોનું શું ? કે જેમની પાસે કોઈ કામ ધંધો નથી. મજુરીએ જતા નથી. શિક્ષણ લીધું નથી. અને ઉપરથી મોબાઈલ – ઈન્ટરનેટની લત. વ્યસનો અને મફતમાં મેળવવાની લતને કારણે ક્યાંક ક્યાંક ચોરી કે નાની મોટી લૂંટ પણ કરી લેતા હોય છે. આ બધી વસાહતોની એક આખી નવી દુનિયા છે. તેઓ સૌ જુદા જુદા સેકટરોના રસ્તાઓ પર વસતા લોકોના સંપર્કમાં હોય છે. આ લોકો બાહ્ય રીતે એટલા સરળ, સજ્જન અને ગરીબ હોવાનો અભિનય સારી રીતે કરી જાણે છે. પરિણામે આપણામાં દયાભાવ જાગતા ઘરકામ માટે રાખીએ છીએ. આપણા ઘરની રજેરજ માહિતી આવા લોકો દ્વારા બીજા દૂરના સેકટરોમાં વસતા એમના સાગીર્દો – ઘરફોડિયા સુધી પંહોચી જતી પણ હોય. અને પછી આપણે અખબારોમાં ચોરીઓના સમાચારો છપાય છે ત્યારે જાણીએ છીએ કે ફલાણા સેકટરમાંથી એક સાથે બે ઘરોમાં ધોડેદહાડે ચોરી. આમાં આખી ટીમ કામ કરતી હોવી જોઈએ. તો જ આવી ચોરીના ભેદ આજ સુધી વણઉકેલ્યા રહે છે.

આવા લોકો પાસે પાણી, લાઈટ કે અન્ય સગવડ નહીં હોવાને કારણે દિવસોના દિવસો સુધી નહાવાનું મળતું નથી. કપડા ધોવાતા નથી. પરિણામે એમને તથા એમના બાળકોને પણ રોગચાળો થવાનો ભય રહે છે. વળી બે ટાઈમ જમવાનું બનાવવા માટે માટીના ચૂલા બનાવીને ત્યાં જ બપોરે ને રાત્રે રોટલા – શાક બનાવતા નજરે ચડે છે. હવે ઘર કે આધારકાર્ડ કે ચૂંટણીકાર્ડ કે અન્ય કોઈ ઓળખકાર્ડ નહી હોવાને કારણે એમને ગેસ કે કેરોસીન તો મળવાનું નથી. તેથી રસોઈ લાકડા બાળીને કરવી પડે છે જે સાવ મફતમાં મળે છે અને આ લાકડાના ટૂકડાઓ આજુબાજુના વૃક્ષો પરથી જ કાપીને ભેગા કરવામાં આવી રહ્યા છે. પરિણામે ગાંધીનગરના અસંખ્ય વૃક્ષો આજે નહીં તો આવતીકાલે નામશેષ થઈ જઈ શકે છે. આ પણ એક ગંભીર પ્રશ્ન છે.

આ વસાહતો હવે ધીમે ધીમે સેકટરોની અંદરની ખુલ્લી જગ્યાઓમાં પોતાના ઝૂંપડા કે ડેરા નાખીને સ્થાપિત થઈ રહી છે. કેટલીક જગ્યાએ તો દરેક સેકટરોમાં જે પાર્ટી પ્લોટો, પાર્કિંગ પ્લોટો કે ભવિષ્યમાં માર્કેટ બનાવવા માટે રાખેલી ખુલ્લી જગ્યાઓમાં પણ આવા ઝૂંપડાઓ બંધાવા લાગ્યા છે. તો વળી સરકારે દરેક સેકટર અને રોડ વચ્ચેની જમીનોની જાળવણી માટે કરેલી લોખંડની ઝાળીમાં પણ આવા ઝૂંપડાઓ બંધાવા લાગ્યા છે. આ વિસ્થાપિત વસવાટની ક્રિયા જો આમ જ બિન રોક ટોક ચાલ્યા કરશે તો આવતા પાંચ દસ વર્ષમાં જ ગાંધીનગરમાં આવા લોકોની સંખ્યા લાખોની હશે. અને પછી તેમના સંગઠનો થતા તેઓને ત્યાંથી હટાવવા અશક્ય બનશે. માટે આ બાબતે ગાંધીનગર પાલિકાના સતાધિશો તથા ગુજરાત સરકારે સંયૂક્ત રીતે મળીને પરિણામલક્ષી વિચારણા કરવી જોઈએ. આવા લોકોને સરકારે એક વખત તો પાકા મકાન બનાવીને આપ્યા. પણ આમ છતાંય વર્ષોથી રહેતા મોટાભાગના વિસ્થાપિતોએ પોતાની એ જુની જગ્યાનો કબજો છોડ્યો નથી.

સરકાર એક બાજુ સ્વચ્છતા અભિયાન ચલાવે છે. ગાંધીનગરને સ્માર્ટ સિટીનો દરજ્જો આપવા ઈચ્છે છે, બીજી બાજુ રાજ્યના પાટનગરમાં જ સરકારના નાક નીચે આ ગંદકી વધતી જાય છે. તો કેવી રીતે આ શહેર સ્માર્ટ, સ્વચ્છ અને રળિયામણું બની શકશે ? આ શહેરમાં ઘણા સામાજિક કાર્યકરો – સંસ્થાઓ, વ્યક્તિઓ આવા ગરીબ લોકોને, વિસ્થાપિતોને અવાર નવાર જમવાનું, જીવન જરૂરિયાતની વસ્તુઓ, પહેરવા – ઓઢવાનું તથા અન્ય ચીજવસ્તુઓ આપીને તેઓને સહાયભૂત થાય છે તે સારી વાત છે. માનવતાની મહેક આ શહેરમાં પ્રસરવી જ જોઈએ. પણ તેઓના રહેઠાણની સમસ્યા આ શહેરને ગંદુ બનાવી રહી છે. મહાત્મા મંદિરની પાછળ તો આખી વસાહત કાયમી ધોરણે સ્થિરતા ધારણ કરી રહી છે. તો વળી દરેક સેકટરોમાં બનાવેલા મંદિરો અને શોપીંગ સેન્ટરો આજુબાજુ પણ આવા લોકો પોતાના ડેરા તાણી રહ્યા છે.

ગાંધીનગર એક સમયે વિશ્વનું સૌથી વધુ વૃક્ષો ધરાવતું હરિયાળું શહેર ગણાતું હતું તેમ વિશ્વનું એકમાત્ર ઝૂંપડા વિનાનું શહેર ના બની શકે ? હજી સત્તા અને સરકાર પાસે સમય છે થોડા વર્ષો પછી આ બાબત આપણા સૌનો માથાનો દુઃખાવો અને વર્ગવિગ્રહ બનશે એવું પણ માની શકાય. આના ઉકેલરૂપે આ બધાના ઓળખપત્ર અને વિગતો લઈને શહેરના ત્રીસ સેકટરો બહારની કોઈ જગ્યામાં એક એક રૂમના મકાનો બાંધી નજીવી રકમ લઈ આપવા જોઈએ અને હવે પછી બહારથી કોઈપણ વિસ્થાપિતો ગાંધીનગરમાં ના પ્રવેશે એનું ધ્યાન રાખવું જોઈએ. જેમની પાસે રહેવાની સગવડ છે. એવા લોકો જ આ શહેરમાં હોવા જોઈએ. એક તરફ સરકારની મંજુરી વિના ઠેર ઠેર સેકટરોમાં વધતા જતા પાન મસાલાના ગલ્લાઓ, ખાણી પીણીની લારીઓ, કેબિનો, ઘરમાં ચાલતા પાર્લરો, દુકાનો, દવાખાનાઓ અને ક્લાસિસો આ બધાની સમસ્યા કરતા આ વિસ્થાપિતોની સમસ્યા પ્રત્યે ધ્યાન આપવાની ખાસ જરૂર છે કેમ કે આ ગંદકી જો શહેરની નશે નશમાં ફેલાઈ જશે તો એક દિવસ એને કેન્સર થતા કોઈ નહીં રોકી શકે.

# લખવું : સરળતા, સમજણ અને સમતોલનની ત્રિવેણી ...!!!

રજવાડ
અજય ઉપાધ્યાય



લખવૈયા... લેખકડા...લેખક... અહાહા કેવું લાગે કોઈ આવા આવા નામોથી આઈ મીન વિશેષણોથી આપણને નવાજે...આવકારે કે સંબોધે...! મજા પડી જાય ને ? પણ ખરેખર તો એ વિશેષણ મેળવવા માટે કેટલો પરિશ્રમ (ઓફ કોર્સ માનસિક જ સ્તો) કરવો પડતો હોય છે એ તો માત્ર ને માત્ર એ લેખક ને જ સમજાય...! હવે તમે એમ કહેશો કે હોતું હશે કાઈ....? આજના ગુગલીયા જમાનમાં તો લખવું એટલે ડાબા હાથનો આઈ મીન કી નો ખેલ...! ના ભાયય્ય્ય ના... સાવ એવું નથી જ ને નથી જ...! નો ડાઉટ સારું લખવું અને ફક્ત લખવું એમાં એલીફન્ટ હોર્સ જેટલો ચોક્કસ ફેર રહેવાનો જ છતાં પણ એક વસ્તુ નિર્વિવાદ છે કે લખવું એટલું ઈઝી પણ નથી જેટલું હું ને તમે સમજીએ છીએ...! ગુજરાતી સાહિત્યમાં ખુબ લખાયું છે, લખાય છે અને લખાતું રહેશે એમાં ના નહિ પણ અત્યારના ફેસબુક અને ટ્વીટરના જમાનામાં લખાય એટલું વંચાય છે ખરું ? ખબર નહિ...!!! આમ તો એ સર્વવિદિત છે કે અત્યારના ઈઝી-પબ્લીશીંગ વર્લ્ડમાં લેખકો વધુ છે ને વાંચકો ઓછા, જો કે આમાં કદાચ થોડી અતિશયોક્તિ હોય શકે પણ આ વાત સાવ નકારી શકાય એમ તો છે જ નહિ. ઘણા બધા લેખકો અને એમના વિવિધ પ્લેટફોર્મ પર પ્રકાશિત થતા લેખો પછી ઘણાબધા ને એમ પણ થતું હશે કે 'કૈસે કૈસે લિખને લગે હૈ' ક્યાંક ક્યાંક એમ પણ થાય કે 'ક્યાં ક્યાં લીખ રહે હૈ' આ 'કૈસે કૈસે' અને 'ક્યાં ક્યાં' માં મારા જેવા નવોદિત લોકો પણ આવી જાય એમાં ના નહિ...આફ્ટર ઓલ કહેવાય છે ને કે ક્રીટીક્સ મેક્સ યુ મોર પરફેક્ટ ! એટલે એટલું તો સ્વીકારવું જ રહ્યું કે જો કોઈ તમારા કામ (અહી લખાણ) ની ટીકા કે એની ચર્ચા (ઓફ કોર્સ સારા-નરસા પાસાની) ના કરતા હોય તો સમજવું કે યુ નીડ્સ મોર હાર્ડવર્ક...!

ભાષાના ચાર મૂળ કૌશલો છે – લખવું, વાંચવું, બોલવું અને સાંભળવું, એમાંથી આ લખવું એ વધુ અઘ્ત્યનું છે અને એ વધુ અગત્યનું એટલા માટે છે કે દરેક લખાણની પાછળ કોઈ ચોક્કસ ઉદ્દેશ કે પછી કોઈ સંદેશ છુપાયેલો હોય છે. કોઈ સંદેશ કે ઉદ્દેશ વગરનું લખાણ નક્કામું ગણવું. બૂકર અને નોબેલ એમ બંને સાહિત્યના માનવંતા પુરસ્કાર જીતી ચુકેલા નડીન ગોર્ડમેરે કહ્યું હતું એમ કે 'લખવું એટલે જીવનમાંથી કશોક અર્થ શોધવાની કોશિશ કરવી. તમે આજીવન લખતાં રહો તો શક્ય છે કે જિંદગીના અમુક ભાગનો અર્થ તમે થોડો ઘણો પામી શકો.' ભલે વાત થોડી હેવી લાગે પણ આ હકીકત છે અને ઓલમોસ્ટ બધા જ પ્રતિષ્ઠિત લેખકો આ વાત સાથે સહમત પણ થવાના કે લખવું એટલે ખાલી લખવું કે વાંચકો માટે લખવા કરતા પણ પહેલી વાત અને અગત્યની વાત એ છે કે લેખકને પોતાને ગમે એવું લખવું, કેમકે મૂળ વસ્તુ તો એ જ છે કે જો તમને લખતી વખતે ગમશે તો વાંચનારને ગમવાની શક્યતા વધી જશે. અને વાત પોતાને ગમે એ લખવાની હોય ત્યારે ચોક્કસ એ વાત, એ લખાણમાં કોઈ ને કોઈ સંદેશ આવવાનો જ..! ધૂની માંડલિયાના આ શબ્દો મુજબ કે 'શબ્દ જ્યારે સમજણો થાય છે, અર્થ ત્યારે કંકુવરણો થાય છે...' લખવું એટલે ખાલી લખવું જ નહિ ભાઈ, ધુનીભાઈ કહે છે એમ એ શબ્દનો અર્થ હોવો જોઈએ, એ શબ્દમાંથી અર્થ નીપ્જવો જોઈએ...! હવે આ અર્થ નીપજવો જોઈએ એટલે જ કોઈ સંદેશ નીકળવો જોઈએ એવું જ થયું ને...? એમ તો લખવાને બીજી રીતે કોઈ કોઈ ઢસડવું એવા અર્થમાં પણ લઈ લેતા હોય છે....હહાહાહા ! પણ હકીકત એ છે કે લખવું અને આ ઢસડવું એ બંનેમાં અગેન એલીફન્ટ હોર્સ જેટલો તફાવત રહેવાનો અને એ તો વાચકરાજા જો ચતુર અને સુજાન હોય તો એ તફાવત તરત જ પકડી પણ લેવાનો..!

કશું પણ લખતા પહેલા એના વિષે મનોમંથન કરવું આવશ્યક છે, એમ ને એમ જ લખાતું લખાણ ક્યા તો અર્થહીન બની જાય છે અથવા તો લેખક લખાણ પરત્વે સીરીયસ હોય તો ફરીથી લખવાની નોબત આવી શકે છે. આમ તો શું છે કે લખવાના અમુક ફિક્સ નિયમો છે જેમકે અંગ્રેજી શબ્દોનો ઉપયોગ ઓછો કરવો (અંગ્રેજી સિવાયના લખાણોમાં હો... લોલ્ઝ), ભાષા શુદ્ધિ રાખવી, વ્યાકરણનો ખ્યાલ રાખવો, સામાન્ય બોલચાલના શબ્દો વધુ વાપરવા, બને ત્યાં સુધી ઉપદેશાત્મક ના બનવું,,,વગૈરાહ વગૈરાહ...! કિન્તુ પરંતુ બંધુ સોશિયલ મીડિયાના જમાનમાં ઉપર લખ્યા એ નિયમો ના પળાય તો પણ વાંધો નહિ કેમકે આમેય આજે અર્બન ભાષા ઈન્થીંગ છે જ. શુદ્ધ ગુજરાતી ના સહી પણ મિક્ષ અને ટેસ્ટટ્યુબ ગુજરાતીમાં લખાયેલું પણ લોકોને વાંચવું ગમે છે પણ બશર્ત કે એ સમજાવું જોઈએ. આજકાલ ઘણા લેખકો અને લેખો એવા આવે જ છે કે જેમાં અંગ્રેજી અને ગુજલીશ પ્રકારના શબ્દો જોવા મળે જ છે, અને આવું વંચાય પણ છે જ..! બીકોઝ વાંચનારને એક તો મજા આવે છે વાંચવાની અને બીજું અને મોસ્ટ ઈમ્પો કે એને સમજાય છે..! અલ્ટીમેટલી વાત તો સમજાવાની જ છે ને ભાય...!

આજકાલ તો ખુબ લખાય છે અને ખુબ લોકો વડે લખાય છે. વર્તમાનપત્રો અને મેગેઝીનો તો છે જ પણ હવે તો ફેસબુક અને બીજી સોશિયલ સાઈટો અને બ્લોગો પર અઢળક લખાય છે. દરેક બીજો માણસ લેખક છે ડ્યુ ટુ ધીસ બ્લોગ અને સોશિયલ મીડિયા. સારું છે, બિલકુલ સારું છે કેમકે એનાથી એક વસ્તુ તો ચોક્કસ છે કે લખવું એટલે શું અને લખવા માટે કેટલી વિશે સો થાય એની પણ ખબર પડે છે. છતાં પણ એક હકીકત છે કે બધું વંચાય છે એવું માનવું ભૂલભરેલું છે અને એનું કારણ છે કે લખાણ વાચક ને અપીલ કરે તો જ વંચાય...આઈ મીન વાંચવાનું શરુ કરે ને કશોક સ્પાર્ક લાગે લખાણમાં તો આગળ વંચાય નહીતર હારી હારી...! અને એનું કારણ એક એ પણ છે કે બધા જ બધું લખી પણ નથી શકતા હોતા એ જ રીતે એ પણ શક્ય નથી કે તમે લખેલા વિચારોને બધા જ વાંચકો બરાબર કેચ કરી શકે પણ કોશિશ તો એ જ રહેવી જોઈએ કે શક્ય એટલું સરળ અને બધા સમજી શકે એવી રીતે લખાય. તમે જોજો મારી કે તમારી બોલચાલની ભાષા કે લઢણ જેવી રીતે લખાયેલું કોઈ પણ લખાણ મને ને તમને વાંચવું કે સાંભળવું વધુ ગમશે જ. કોલમીયા વાતાવરણમાં ઘણા બધા લેખકો છે જે બધા જ વિષય પર અને બધી જ રીતે લખી શકે છે જ્યારે ઘણા એવા પણ છે જ કે જેમની એક ચોક્કસ જોનર છે અને એ લોકો એ જોનરની બહાર લખવાનો પ્રયત્ન કરી પણ શકતા નથી. આફ્ટર ઓલ લખવું કોઈ શોલેના ડાયલોગની જેમ 'બકરી કા બચ્ચા તો હૈ નહિ કી દૌડે દૌડે ઔર પકડ લિયા...' ! બીકોઝ લખવું એ એક ખરેખર મુશ્કીલ પ્રક્રિયા છે. ભલે ને કોઈ એમ કહેતું હોય કે હું તો ગમે ત્યાં લખી લઉં....એવું ખરેખર નથી હોતું. હા એવું બને કે એમનો સ્થૂળ દેહ ગમે ત્યાં લખી શકતો હોય પણ એ લખવા માટે દિમાગ અને દિમાગની નસોને ચોક્કસ સમયમાં, ચોક્કસ વિષય પર અને ચોક્કસ શબ્દો-નિષ્કર્ષ અને મંથન કરવા માટે ઘણી વાર એક કમ્ફર્ટ ઝોન ની જરૂર પડે પડે ને પડે જ...! કારણ કે લખવું એટલે આમ તો સહેલી લાગતી પ્રકિયા છે પણ આમ એ અતિ અઘરી પણ છે. સમતોલ લખવું, સરળ લખવું અને સમજાય એવું લખવું એ ત્રણેયનો ત્રિવેણી સંગમ કરી શકો ત્યારે જ ખરેખર લખ્યું એમ કહેવાય....!